બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન

# દીકરી

(સંકલિત કાવ્યસંગ્રહ)

સંકલન : ભરત એલ. ચૌહાણ



**દીકરી**

દીકરીનો જનમ થાશે રે પછી,
ઘરમાં લક્ષ્મીનો ભંડાર આવશે રે.

દીકરીની આંગળી પકડીને એ તો,
શાળાએ મૂકવાને જાશે રે.

દીકરીને મૂકવા શાળાએ જાશે પછી,
જોયેલા સપના સાચા થાશે રે.

દીકરીનું સપનું સાકાર કરવા,
એડીચોટીનું જોર લગાવશે રે.

દીકરીનું સગપણ કરવાને માટે એ તો,
અનેક મુરતિયા જોઈ નાંખશે રે.

દીકરીનું સગપણ નક્કી થયા પછી,
સાસરે વળાવવાના કોડ જાગશે રે.

દીકરીનું પાનેતર ખરીદવા જાશે પછી,
જુદાઈના બીજ રોપી આવશે રે.

દીકરીના લગનનું ટાણું રે આવશે,
હરખથી હાથ પીળા કરશે રે.

દીકરીની વિદાયનો સમય આવશે,
ચોધાર આંસુડા છલકાશે રે.

દીકરીને ભેટીને કાનમાં રે કેશે,
સસરાનું ઘર તું ઉજાળજે રે.

દીકરીને વળાવવા પાદરે જાશે પછી,
પાદરનો રસ્તો કાપી લાવશે રે.

દીકરી વળાવીને ઘરે સૌ આવશે,
તાજા રે પગલાં સહુ શોધશે રે.

દીકરીના પગલાં શોધીને થાકશે પછી,
દીકરીની ખોટ સહુને સાલશે રે.

- ભરત એલ. ચૌહાણ (ઓ-કાન્હા)

**દીકરી મારી વહાલી લાગે રે**

હેતના હિંડોળે ઝૂલે
આંગણામાં રોજ ખીલે
કાલું કાલું કેવું બાલે રે...
દીકરી મારી વહાલી લાગે રે

મા-બાપની પ્યારી છે
દીકરા કરતા ન્યારી છે
તુલસીની કયારી છે રે...
દીકરી મારી વહાલી લાગે રે

કુટુંબની કલગી છે
માવતરની મરજાદ છે
સાસરિયાની સુવાસ છે રે...
દીકરી મારી વહાલી લાગે રે

ઘરનું અજવાળું છે
અમીનો ઓડકાર છે
કાળજાનો કટકો છે રે...
દીકરી મારી વહાલી લાગે રે

- ભરત એલ. ચૌહાણ (ઓ-કાન્હા)

**દીકરીના દેશમાં આવજો હો દાદા**

દીકરીના દેશમાં આવજો હો દાદા,
દીકરીના વેશ તમે જોજો હો દાદા............દીકરીના દેશમાં

નાના હતા ત્યારે આંગણામાં રમતાં,
હૈયાના હીંચકે અમને ઝૂલાવતાં.............દીકરીના દેશમાં

ઠેસ વાગે ને અમે પડી રે જાતાં,
દોડીને તમે કેવા પાસે રે આવતાં............દીકરીના દેશમાં

રિસાઈને ત્યારે અમે ચાલ્યા રે જાતાં,
પકડીને તમે અમને ખોળામાં બેસાડતાં.....દીકરીના દેશમાં

તમારી પાસે અમે નીતનવું માંગતા,
ગમે ત્યાંથી તમે ઝટ લઈ આવતાં............દીકરીના દેશમાં

માંગણી અમારી તમે પૂરી રે કરતાં,
આનંદથી આપણે સૌ ઝૂમી રે ઊઠતાં........દીકરીના દેશમાં

દીકરીના દેશમાં આવજો હો દાદા,
દીકરીના વેશ તમે જોજો હો દાદા............દીકરીના દેશમાં

- ભરત એલ. ચૌહાણ (ઓ-કાન્હા)

**દીકરી વળાવવાનો સમય**

દીકરી વળાવવાનો સમય આવ્યો,
ઢોલીએ ઢોલ ઢબકાવ્યા રે.

દીકરી ગણેશજીને નમન કરી,
માતપિતાને મળવા ચાલી રે.

માતા રોવે ને દીકરી પણ રોવે,
આજ રોવે છે પિતા પહેલીવાર રે.

માતપિતાના આશીર્વાદ મેળવી,
ભીંતે કંકુના થાપા માર્યા રે.

દીકરીએ સાત ફેરા જે માંડવે ફર્યા,
એમાં તે સૂપડું ઉલાળી ચાલ્યાં રે.

સગાંવહાલાંને ભેટીને દીકરીએ,
પતિ સંગાથે પગરણ માંડયા રે.

પાદર સુધી સૌ વળાવવા આવ્યાં,
દીકરીને સૌએ આશિષ આપ્યાં રે.

- ભરત એલ. ચૌહાણ (ઓ-કાન્હા)

**આનંદે નાચે મારું મનડું રે લોલ**

દેવે દીધી છે મને દીકરી રે લોલ
એને વધાવું હું તો હેતથી
આનંદે નાચે મારું મનડું રે લોલ

મીઠું મીઠું બોલે મારી દીકરી રે લોલ
દલડા ઈ તો સૌના જીતી જાય રે
આનંદે નાચે મારું મનડું રે લોલ

વહાલનો દરિયો છે મારી દીકરી રે લોલ
સરખા તે હેતથી એને સીંચજો
આનંદે નાચે મારું મનડું રે લોલ

કાળજા કેરો કટકો મારી દીકરી રે લોલ
પથ્થર કેરા હૈયાને પીગળાવશે
આનંદે નાચે મારું મનડું રે લોલ

સખી સંગ ખેલે મારી દીકરી રે લોલ
શેરીએથી સાદ દઈ બોલાવતી
આનંદે નાચે મારું મનડું રે લોલ

સૂવા ટાણે વાર્તા સાંભળે દીકરી રે લોલ
વાર્તામાં માંગે ઈ તો પરીઓ
આનંદે નાચે મારું મનડું રે લોલ

- ભરત એલ. ચૌહાણ (ઓ-કાન્હા)

**દીકરીની વેદના**

ઓ માવડી મારી તું શીદને દવાખાને જાય છે,
તું પરીક્ષણ ભ્રુણનું શાને કરાવવા જાય છે.

આ સફેદ કપડાવાળા તપાસ તારી કરે છે,
ને અઢળક અઢળક ચિંતાઓ મને કોરી ખાય છે.

ઓ માવડી મારી તું મને આ જગતમાં શ્વાસ ભરવા દે,
તારી જ માફક તું મને આ બે ઘડીની જિંદગી માણવા દે.

કાલું કાલું બોલવા ને નાની પગલી પાડવા દે,
હૈયે સૌના હરખના હિંડોળે તું મને ઝૂલવા દે.

આંગણામાં ખેલીને કિલકારીઓ તું કરવા દે,
સૌની સાથે હળીમળીને માયા તું મહેકાવવા દે.

દીકરા કરતાં સવાઈ દીકરી આજે તું મને બનવા દે,
સાસરિયું ને પિયરિયું એમ બે કુળ તું મને તારવા દે.

તું માને છે એવું કે હું સાપનો ભારો બનીશ,
ના રે ના ઓ માવડી હું તારનાર આરો બનીશ.

- ભરત એલ. ચૌહાણ (ઓ-કાન્હા)

**દીકરી**

આળસ મરડીને ઊઠતી જાગતી,
બા-બાપુજીને રોજ પગે લાગતી.

બા ગાલે કાળું ટપકું કરતી,
કારણ કે એ નમણી લાગતી.

કાલુંઘેલું બોલતી ફરતી,
ઝરણાં જેવી રમતી કૂદતી.

તોફાનમસ્તી ખૂબ એ કરતી,
રિસાઈ દાદાની ગોદમાં સંતાતી.

વરસાદમાં એ ખૂબજ નાતી,
કોરી થઇને ઘરે એ જાતી.

વહાલથી બાને બક્કા ભરતી,
ખોળામાં બેસીને વાર્તા સાંભળતી.

ઘર આખાને એકતાંતણે બાંધતી,
દીકરા કરતા સવાઈ દીકરી થાતી.

- ભરત એલ. ચૌહાણ (ઓ-કાન્હા)

**દીકરીનું આણું**

માતા કહે છે એજી સાંભળો છો તમે
ઓણ દીકરીના કરી દઈએ આણા રે
પિતા કહે છે આણા તો કરશું આપણે
વહાલી દીકરીને પૂછો શું શું જોઈએ રે

દીકરી કહે છે સાંભળો રે માતા
નથી રે જોતા મારે સોના ને ચાંદી
નથી રે જોતા મારે હીરા ને માણેક
મારે તો જોઈએ આણામાં મમતાની માયા રે

દીકરી કહે છે સાંભળો રે પિતા
નથી રે જોતા મારે ગાડી ને બંગલા
નથી રે જોતા મારે વાડી ને ખેતર
મારે તો જોઈએ આણામાં તમારા સ્નેહ-આશિષ રે

દીકરી કહે છે સાસુ ને સસરા મારા માવતરનો અવતાર છે
નણંદ મારી એ તો નાનકડી બહેન છે
લાડકડો દિયર મારો નાનેરો ભાઈ છે
જાણે સાસરિયું લાગે મને વહાલું પિયરિયું

- ભરત એલ. ચૌહાણ (ઓ-કાન્હા)

**દીકરી નથી સાપ નો ભારો**

દીકરી નથી સાપ નો ભારો, દીકરી તો છે તુલસી નો ક્યારો,
દીકરી થકી અજવાળુ, દીકરી વિના સઘળુ કાળુ,
દીકરી બાપ નુ ઊર, દીકરી આંખ નુ નૂર,
દીકરી તાતનુ અરમાન, દીકરી માત નુ ઉડાન,
દીકરી વિના બાપ પાંગળો, છતી વસ્તુએ સાવ આંધળો,
ઉધરસ નો જરી ઠણકો આવે, દીકરી દોડી ને પાણી લાવે,
મા-બાપ ને કશુક થાય, દીકરી નુ દીલ વલોવાઈ જાય,
મા-દીકરી-બહેની, એના પ્રેમ માં ન આવે કમી,
દીકરી પ્યારનુ સમસ્ત શાસ્ત્ર, ત્યાગ સમર્પણ નુ અક્ષયપાત્ર,
સ્વાર્થ નુ સગપણ એવુ , એ તો તડ પડે કે તૂટે
દીકરી તો સ્નેહ ની સરવાણી, એ તો નિત્ય નિરંતર ફૂટે
દીકરી નાં પગલે તો લાગે બધુ મનોહર
દીકરી વિના નુ ઘર, જાણે વાગ્યા વિનાનું ઝાંઝર
દીકરો તારે ને બુઢાપા માં પાળે, એ નાહક નો ભ્રમ
દીકરી જ ઠારે, આંસુ સારે ભવ તારે એ સૃષ્ટિ નો ક્રમ
દીકરી અવતરતા મોઢુ ફેરવે મા-બાપ
કયા ભવે છૂટશે કરી ને આવા પાપ
દીકરી ને શુ ભણવાનુ? એને તો ઘર માં રહેવાનુ
એ ખયાલ પુરાણા છોડો, દીકરી ને ના તરછોડો
દીકરી-દુહિતાને ના દુભાવશો
વિધાતા ને વેરી કરશો
દીકરી જશે જે ઘરથી, ત્યાં ફરી વળશે અંધારુ
દીકરી વિનાનુ જાણે મીઠુ જળ પણ ખારુ
દીકરી જતા લાગશે સૂનુ
જગત આખુ ભાસશે જૂનુ
દીકરી જતા સાસરે
મા-બાપ ભગવાન નાં આશરે.

- અજ્ઞાત .....

**વહાલી દીકરી...**

મમતાએ મઢી
સંસ્કારે ખીલી
વહાલી દીકરી

ભર બપોરે દોડી
બારણું ખોલી
ધરે જળની પ્યાલી
વહાલી દીકરી

હસે તો ફૂલ ખીલે
ગાયે તો અમી ઝરે
ગુણથી શોભે પૂતળી
વહાલી દીકરી

રમે હસતી સંગ સખી
માવતર શીખવે પાઠ વઢી
સૌને હૃદયે તારી છબી જડી
વહાલી દીકરી

વીતી અનેક દિવાળી
જાણે વહી ગયાં પાણી
સોળે ખીલી રાણી
વહાલી દીકરી

પૂજ્યાં તે માત પાર્વતી
પ્રભુતામાં માંડવા પગલી
દિન વિજયા દશમી
વહાલે વળાવું દીકરી

લેવાયાં લગ્ન આંગણિયે
મહેકે સુગંધ તોરણિયે
વાગે શરણાઈને ઢોલ
શોભે વરકન્યાની જોડે

વિપ્ર વદે મંગલાષ્ટક
પીળા શોભે કન્યાના હસ્ત
આવી ઢૂકડી વિદાય વેળા
માવતર ઝીલે છૂપા પડઘા

હૈયે ન સમજાય વ્યથાની રીતિ
વાત કેમ કહેવી બોલે દીકરી

ઝીલ્યા વડીલોના મોંઘા બોલ
વગર વાંકે ખમ્યા સૌના તોલ
દીકરીની વ્યથા ઉરે ઉભરાણી
કેમ સૌ આજ મને દો છોડી

આવી રડતી બાપની પાસે
બોલી કાનમાં ખૂબ જ ધીરે
કોને બોલશો-વઢશો પપ્પા હવે?
હું તો આજ સાસરિયે ચાલી

કેવું અંતર વલોવતા શબ્દ બોલી
જુદાઈની કરુણ કેવી કથની
થયો રાંક લૂંટાઈ દુનિયા મારી
આજ સંબંધની સમજાણી કિંમત ભારી

આંખનાં અશ્રુ બોલે વાણી
નથી જગે તારા સમ જીગરી
તું સમાઈ અમ શ્વાસે દીકરી
તારા શબ્દો ટપકાવે આંખે પાણી
ઓ વહાલી દીકરી
ઘર થયું આજ રે ખાલી(૨)

- રમેશ પટેલ(આકાશદીપ)

**દીકરી મારી લાડકવાયી**

દીકરી મારી લાડકવાયી લક્ષ્મીનો અવતાર,
એ સૂએ તો રાત પડે ને જાગે તો સવાર,
દીકરી મારી...

દીકરી તારા વ્હાલનો દરિયો જીવનભર છલકાય,
પામતા જીવન માત-પિતાનું ધન્ય થઈ જાય,
એક જ સ્મિતમાં તારા ચમકે મોતીડાં હજાર,
દીકરી મારી...

ઢીંગલા સાથે રમતી ઢીંગલી જેવું મારું બાળ,
રમતા થાકીને ભૂખ લાગે તો ખીર રાખું તૈયાર,
રૂપમાં તારા લાગે મને પરીનો અણસાર,
દીકરી મારી...

કાળી ઘેલી વાણીથી ઘર ઘૂઘરો થઈ ને ગુંજે,
પા-પા પગલી ચલાવતા બાપનું હૈયું ઝૂમે,
દીકરી તું તો માત-પિતાનો સાચો છે આધાર,
દીકરી મારી...

હૈયાના ઝૂલે હેતની દોરી બાંધી તને ઝૂલવું,
હાલરડાની રેશ્મી રાજી તને હું ઓઢાડું,
પાવન પગલે તારા મારો ઉજળો છે સંસાર,
દીકરી મારી...

- મુકેશ માલવણકર

**દાદા હો દીકરી, દાદા હો દીકરી**

દાદા હો દીકરી, દાદા હો દીકરી, વાગડમાં મ દેજો રે સૈ
વાગડની વઢીયારણ સાસુ દોહ્યલી રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

દીએ દળાવે મુને, દીએ દળાવે મુને, રાતલડીએ કંતાવે રે સૈ
પાછલે તે પરોઢીએ પાણી મોકલે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઓશીકે ઈંઢોણી વહુ, ઓશીકે ઈંઢોણી વહુ, પાંગતે સીંચણિયું રે સૈ
સામી તે ઓરડીએ, વહુ તારું બેડલું રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઘડો ન બુડે મારો, ઘડો ન બુડે, મારું સીંચણિયું નવ પૂગે રે સૈ
ઊગીને આથમિયો દી કૂવા કાંઠડે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઊડતા પંખીડા વીરા, ઊડતા પંખીડા વીરા, સંદેશો લઈ જાજો રે સૈ
દાદાને કહેજો કે દીકરી કૂવે પડે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કહેજો દાદાને રે, કહેજો દાદાને રે, મારી માડીને નવ કહેજો રે સૈ
માડી મારી આંસુ સારશે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કૂવે ન પડજો દીકરી, કૂવે ન પડજો દીકરી, અફીણિયાં નવ ઘોળજો રે સૈ
અંજવાળી તે આઠમનાં આણાં આવશે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કાકાના કાબરિયા, કાકાના કાબરિયા, મારા મામાના મૂંઝડિયા રે સૈ
વીરાના વઢિયારા વાગડ ઊતર્યા રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કાકાએ સીંચ્યું, કાકાએ સીંચ્યું ને મારા મામાએ ચડાવ્યું રે સૈ
વીરાએ આંગણ બેડું ફોડિયું રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

**દીકરી અને દીકરો**

દીકરો વારસ છે તો દીકરી પારસ છે!
દીકરો વંશ છે તો દીકરી અંશ છે!
દીકરો આન છે તો દીકરી શાન છે!
દીકરો તન છે તો દીકરી મન છે!
દીકરો માન છે તો દીકરી સ્વમાન છે!
દીકરો સંસ્કાર છે તો દીકરી સંસ્કૃતિ છે!
દીકરો આગ છે તો દીકરી બાગ છે!
દીકરો દવા છે તો દીકરી દૂવાં છે!
દીકરો ભાગ્ય છે તો દીકરી વિધાતા છે!
દીકરો શબ્દ છે તો દીકરી અર્થ છે!
દીકરો ગીત છે તો દીકરી સંગીત છે!
દીકરો પ્રેમ છે તો દીકરી પૂજા છે!
દીકરો વાદળ છે અને વરસે છે તો દીકરી ધરતી છે અને તરસે છે!
દીકરો એક પરિવારને તારે છે તો દીકરી દસ પરિવારને તારે છે!!

........ક્યારેય તમે તમારી જાતને દુનિયાભરના તમામ દુ:ખોથી ઘેરાયેલી
મહેસુસ કરો ત્યારે તમારી દીકરી સાથે થોડો સમય દિલથી વિતાવજો.
તેની સાથે દિલ ખોલીને વાત કરી લેજો.
ત્યાં તમારા મનને હિમાલયથી પણ વધારે ઠંડક અને અનંત શાંતિ અનુભવવા મળશે.
દીકરી તો મા-બાપનો શ્વાસ છે, જે લીધા વગર ચાલતું પણ નથી અને સમય આવ્યે છોડ્યા વગર પણ ચાલતું નથી.
ઈશ્વરે દીકરી ઘડીને માતા-પિતા ઉપર ઉપકાર કર્યો છે.
દીકરીનો મા-બાપ પ્રત્યેનો પ્રેમ પ્રારંભથી લઈને અંત સુધી એક સરખો જ વહે છે.
દીકરી જગતના કોઈપણ ખૂણે જશે, માતા-પિતાના હૃદયથી ક્યારેય દૂર જતી નથી.

દીકરી સાથેની મા-બાપની વહાલની કડીઓ ક્યારેય ઢીલી પડતી નથી. દીકરી જ સચ્ચાઈ છે.
દીકરો ક્યારેક ભ્રમ સાબિત થઈ શકે છે. કદાચ એટલા માટે જ આપણાં તત્ત્વચિંતકોએ દીકરીને બાપનું હૈયું કહી છે...
કલેજાનો ટુકડો કહ્યો છે. અને, એટલા માટે જ દીકરી સાસરે જાય છે ત્યારે મા-બાપની આંખોમાં આંસુ વહે છે.
નક્કી માનજો, દીકરી તો ગયા ભવમાં જેણે પુણ્ય કર્યા હોય તેને જ મળે છે

## દેવ-દીકરી

નેફા વિસ્તારમાં ફાટી લડાઈ ઘોર નીકળી,
તે સંમે રંક આસામી માતાની એક દીકરી,
ઝૂલે યૌવનને ઝૂલે, અંગાગોમાં અનંગની
વીણા વગાડતી જાણે, એકની એક દીકરી.

પંકજો પ્રકટી ઊઠ્યાં પ્રેમનાં પ્રાણમાં હતાં,
દર્શકો એહને દેખી મોહમાં મગ્ન શાં થતાં.

શહેરનો એક યુવાન એના
સૌંદર્યથી મોહિત શો થયેલો,
સૌંદર્ય-દેવ ઉરની બનાવવા,
જોતો હતો કોડ ભર્યો બનેલો.

પાણિ-ગ્રહણને માટે તલસી એ રહ્યો હતો,
એકવાર કર્યો એણે એકાંતે સ્નેહને છતો :
તારા વિના જીવન શુષ્ક મારું,
સહી શકાયે ન વિયોગ દેવી !
વરી મને લે રસરાધિકા શી !
તો શાંતિ પામે મુજ પ્રાણ કેવી !

નેફા વિસ્તારમાં ફાટી લડાઈ ઘોર નીકળી
આસામી માતની બોલી ત્યારે એ શાંત દીકરી :
"મોરચાપે જઈને જે વીર દુશ્મનને હણે,
હસ્ત-મેળાપ મારો તો તેની સાથે જ હા, બને,
જવાંમર્દ ચઢે જંગે તેને માત્ર શકું વરી,
દેશને કાજ જે સર્વે સમર્પણ શકે કરી."

યુવાન એવાં વચનો સુણીને
તૈયાર જંગે ચઢવા થયો,
સ્વદેશના રક્ષણની પ્રતિજ્ઞા
લઈ, લઈ શસ્ત્ર ઝઝૂમવા વળ્યો.
એ દીકરીને નિજ સત્ય-પ્રેમી
સ્વદેશને રક્ષક એક ને મળ્યો.

નેફા વિસ્તારમાં ફાટી લડાઈ ઘોર નીકળી,
ઈતિહાસ ગઈ સર્જી ત્યારે એ દેવ-દીકરી.

**- શ્રી યોગેશ્વરજી**

**જ્યારે વિધાતાએ દીકરી સરજી**

વિધાતાએ દીકરી ઘડી ને ત્યારે ખૂબ ખાંતે
કસબી હાથેથી એણે કરી શી કમાલ
રૂપનો અંબાર કરું, મીઠપ અપાર ભરું,
ખજાનો ખુટાડી કરું મલકને ન્યાલ.

દેવીયું કનેથી માગી લીધો મલકાટ
અને મધરાત કેરા માપી સીમાડા સુદૂર,
ચપટીક રજ લીધી નખેતર તણી,
અને દીકરીને આંખે ભર્યા દમકતાં નૂર.

સાકરનો લઈને સવાદ એણે દીકરીમાં,
તજ ને લવિંગ વળી ભેળવ્યા જરીક.
સૂરજનાં ધોળા ફૂલ હાસ ને હુલાસ દીધાં.
જોઈ કારવીને કીધું, હવે કાંક ઠીક.

વિધાતાએ દીકરી ઘડીને વળી જોઈ જોઈ
વારે વારે હસું હસું થાય એનું મુખ
હૈયે એને હાશ, હર માવતર કાજે ધર્યું,
હર્યુંભર્યું હેત નર્યું નીતર્યું આ સુખ!

- મકરન્દ દવે

**દીકરી એટલે...**

દીકરી,-એટલે મળેલું કુદરતનું વરદાન !
દીકરી,-એટલે અમારી સૌથી મોંઘી આન.
દીકરી,-એટલે અમારા ઘરની શાન.
દીકરી,-એટલે તુલસી દળનું પાન.
દીકરી,-એટલે પવિતર પ્રભાતિયું ગાન.
દીકરી,-એટલે સુબહ્‌ની પાક આઝાન.
દીકરી,-એટલે ઘરની કાયમની મુસકાન.
દીકરી,-એટલે ઘરની વસતી,માહોલ,જાન.
દીકરી,-એટલે પરમ પવિત્ર કન્યાદાન.
દીકરી,-એટલે ઘરનું મહામૂલું રતનજાજરમાન.
દીકરી,-એટલે જાણે હક્દાવે થાતું રાણીનું ફરમાન.
દીકરી,-એટલે યાને મૂડ-મસ્તી હંસી-ખુશીના પ્રાણ।
દીકરી,-એટલે સલૂણી સવાર। તાઝ્ગીભર્યું નામ.
દીકરી,-એટલે રસોડાની રાણી નામે રણકાર.
દીકરી,-એટલે "ક્યારે આવશે?" નો પ્રતીક્ષિત ભણકાર.
દીકરી,-એટલે ગર્વ,સન્માન,પ્યાર,દુલાર,હૈયાનો હાર.
દીકરી,-એટલે એક સમયની આંસૂની વણઝાર.
દીકરી,-એટલે ગમે તેવા સખત પત્થરદિલ બાપને,કૂંપળશી તડ પાડી પીગળાવી રડાવી દે તે શખ્શિયત .
દીકરી એટલે અ-મારી (જે મારી નથી')'હ્યાતી! મા-બાપના અસ્તિત્વનું વજૂદ બની રહે છે.
દીકરી એટલે ઈશ્વરે અ-મને આપેલું,આખરે,વરાયેલા વરને હિચકાતાં 'કન્યા' રૂપે અપાતું...અણમોલ(મહામૂલું) દાન !

- લાકાન્ત્

**મારી દીકરી**

મારી દીકરી મને બહુ ગમે છે
નાની અમસ્તી, બોલતી, રમતી, ફોટા જેવી ઢીંગલી

દોડતાં દોડતાં પડી જાય છે ત્યારે
ફૂલનાં ઢગલા જેવી લાગે છે

કાંઇ પણ ખવડાવો તો એ
ડ્રેસ ઉપર જરૂર નાખે છે

તોય એ ગંદા થતાં જ નથી.
એ ખિલખિલાટ હસે છે ત્યારે

ખોબલો ધરી હાસ્ય ભેગું કરી
પર્સમાં મૂકી દઉં છું હું

પછી આખો દિવસ એ પર્સ ખોલી
દીકરીના હાસ્યથી મારા ચહેરાને ભર્યા કરું છું.
દીકરી મોટી થઇ જશે ત્યારે ?......

– મીનાક્ષી કૈલાસ પંડિત

### દીકરી છે ઘરમાં સહુની સખી

દીકરી છે ઘરમાં સહુની સખી ,
વાત એ રાખજો તમે જરુર લખી ,
કદાચ હોય પોતે એ આંતર મુખી ,
પણ જોવા ઇચ્છે એ ઘરના સહુને સુખી ,
ઘરમાં જો ન હોય દીકરી ,
તો ચાંદીની થાળી પણ લાગે ઠીકરી ,
કરે ભલે એ સહુની મશ્કરી ,
પણ જાણશો એને ના તમે ના-ફિક્રી ,
કોણે કહ્યું દીકરી છે પારકી થાપણ ,
એ તો છે આખા ઘરનું ઢાંકણ ,
પ્રભુ દીકરીને આપે છે એવુ ડહાપણ ,
એટલે એની વિદાયમાં સહુની ભરાય છે પાંપણ ,
દીકરી તો છે મમતાનો ભંડાર ,
એનાથી રહે પ્રફુલ્લિત ઘર-સંસાર ,
માતા-પિતાને માટે એ મીઠો કંસાર ,
છતાં કેમ ??????
?
?
?
?
?
દીકરા-દીકરીમાં ભેદભાવનો વ્યવહાર ?????..

- ચિનુ ભાઇ નો ઓટલો

**!...ભારતની દીકરી ગગનમાં...!**

સુનિતા છે અમારી અસ્મિતા
ગુજરાતની દીકરી ગગનમાં

ભારતકી બેટીને સંભાલી કમાન
એ તો છે ભારતની શાન

કમાન સુનિતાકે હ્રાથ
પુરો દેશ એમની સંગાથ

અંતરિક્ષમાં ભરી ઉડાન
ગુજરાતની છે, ગરિમા

ઝુલાસણાં ગામમાં થાય જશન
પુરૂ થાય એમનું મિશન
મંગળ પર જીવન છે કે કેમ?
આપણાં જીવનને કરશે મંગલ

માછલી અને દેડકા સાથે
કરશે 200 પ્રયોગ

કિશોર  કહે છે એક વાત સાફ
ક્યારે મળશે દીકરીઓને ઈન્સાફ

- ડો. કિશોરભાઈ એમ.પટેલ

**દીકરી તો પારકી થાપણ**

બેના રે
સાસરિયે જાતાં જોજો  પાંપણ  ના  ભીંજાય
દીકરી તો પારકી થાપણ કહેવાય

દીકરી ને ગાય દોરે ત્યાં જાય
દીકરી તો પારકી થાપણ કહેવાય

બેની તારી માથે બાપનો હાથ હવે નહી ફરશે
રમતી તું જે ઘરમાં એની  ભીંતે  ભીંતો રડશે
બેના રે..

વિદાયની આ  વસમી  વેળા  રોકે ના રોકાય
દીકરી તો પારકી થાપણ કહેવાય
બેના રે..

તારા પતિનો પડછાયો થઈ રહેજે સદાય સાથે
સોહાગી  કંકુ  સેંથામાં  કંકણ  શોભે  હાથે
બેના રે..

તારી  આ વેણીનાં ફૂલો  કોઈ દી  ના કરમાય
દીકરી તો પારકી થાપણ કહેવાય
બેના રે..

આમ  જુઓ  તો આંસુ  સૌનું પાણી જેવું પાણી
સુખનું છે કે દુ:ખનું એ તો કોઈ શક્યું ના જાણી
બેના રે..

રામ કરે સુખ તારું કોઈ દી નજર્યું ના નજરાય
દીકરી તો પારકી થાપણ કહેવાય
બેના રે..

દીકરી ને ગાય દોરે ત્યાં જાય
દીકરી તો પારકી થાપણ કહેવાય
બેના રે..  ઓ બેના...

- **અવિનાશ વ્યાસ**

**દીકરી ચાલી સાસરે**

માતા-પિતાની છત્રછાયા છોડી,
સુખ-દુ:ખને સથવારે દીકરી ચાલી સાસરે.

કુટુંબીઓની હુંફાળી લાગણી છોડી,
સાસરાની સંસારરૂપી વાટ પકડવા,

હસતી-રમતી, નાચતી-કૂદતી,
પારકાંને પોતાનાં કરવા... દીકરી...

વીરા, બહેનોના હાથ છોડી,
ભરથારનો હાથ પકડવા,

નાનપણની સહેલીનો અધવચ્ચે સાથ છોડી,
સાસરારૂપી કુટુંબીઓનો સાથ બાંધવા... દીકરી...

પોતાના સમાજને અલવિદા કરી,
બીજા સમાજમાં પોતાપણું પામવા,

છેલ્લે માતૃહૃદય, પિતૃહૃદય સુના કરી લાડલી,
દુલારી સાસુ-સસરાનો પ્રેમ પામવા... દીકરી...
નણંદોનો સાથ માગવા, દીકરી ચાલી સાસરે...

-લીના શાહ, વડોદરા

**લાડકડી દીકરી સૌને જરૂર દેજો,    હે રાંદલ મા !**

ઢોલ શરણાયું સઘળાં પુરમાં વગડાવો
મંગળ ગીત રૂડાં આજે ગવડાવો

દીકરી તો વહાલનો દરિયો કહેવાય છે
દીકરીના પગલે ઘરમાં લક્ષ્મી ઊભરાય છે

મીઠાઈ મંગાવો અને મેવા વહેંચાવો
સગા સંબંધીને દ્યો આનંદનો લહાવો

દીકરી તો વહાલનો દરિયો કહેવાય છે
દીકરીના પગલે ઘરમાં લક્ષ્મી ઊભરાય છે

જોશી બોલાવો અને જોશ જોવડાવો
વહાલી દીકરીના રૂડાં નામ પડાવો

દીકરી તો વહાલનો દરિયો કહેવાય છે
દીકરીના પગલે ઘરમાં લક્ષ્મી ઊભરાય છે

કાલું કાલું બોલશે ને પગલાં રે પાડશે
હસતું રે મુખડું દીકરી સૌને દેખાડશે

દીકરી તો વહાલનો દરિયો કહેવાય છે
દીકરીના પગલે ઘરમાં લક્ષ્મી ઊભરાય છે

ઘણી ઘણી ખમ્મા રાંદલ દેવીને કહેજો
લાડકડી દીકરી સૌને જરૂર દેજો

દીકરી તો વહાલનો દરિયો કહેવાય છે
દીકરીના પગલે ઘરમાં લક્ષ્મી ઊભરાય છે

**માતપિતા ના ખોળિયા કેરો પ્રાણ તું દીકરી ....**

વહ્લો શબ્દ ને ઘર ની લાજ ,ઉંબરો તું દીકરી ,
પામી ને ખુશ છતાં ચિંતાતુંર માં-બાપ તું દીકરી .

જગ ના ઉજ્જડ બાગ માં લાગણી કેરું ફૂલ તું દીકરી ,
છતાં સ્થાન તારું આજ પણ પગ ની તળે તું દીકરી .

દેવી થઇ પૂજાય જગત ભર માં જનની થઇ તું દીકરી,
માતપિતાની પોતાની છતાં સાવ પારકી તું દીકરી .

પરિસ્થિતિ બદલાણી દશા તો સરખી જ રહી તું દીકરી ,
ઘણી ઠોકરો ૨૧ મી સદી એ પણ આપી કે તું દીકરી .

વહ્લી છતાં કેહ્વાણી સાપ નો ભારો તું દીકરી ,
તારે દુખે દુખી આ જગત આખા ની જોગણી તું દીકરી .

પણ છતાઈ બહોળા વહ્લ નો દરિયો તું દીકરી,
જીંદગી તારા વગર અધુરી માતપિતા ની તું દીકરી .

માતપિતા ના ખોળિયા કેરો પ્રાણ તું દીકરી ,
એના જીવન નો સાચો આધાર તું દીકરી .

- કૃતિ

**દીકરી મારી વહાલ નો દરીઓ,**

દીકરી મારી વહાલ નો દરીઓ
અજાણ્યાને કેમ આપું.

કાળજાનો આ એક જ  ટુકડો
પારકા ને કેમ આપું.
.
બેટા તને હું શું  આપું,
તે તો કંઈ ના આપવામાં રાખ્યું

શ્રીનાથજીએ સુદામાને આપ્યું
તે તો તેમાં પણ હદ કરી નાખી.

ચપટી  ધાનની કરજ ન રાખી.
બધું હજાર ગણું કરીને આપ્યું.

બેટા હું તારી માં, અરે શ્રીનાથજી
પણ ન જાણે તું ક્યારે મારી માં થઇ

આ "જીવ " શું કરશે
શ્રીનાથજી આ " જીવ" નું કંઈક કરો.

દીકરી મારી વહાલ નો દરીઓ
અજાણ્યાને કેમ આપું?

કાળજાનો આ ટુકડો
પારકા ને કેમ આપું?

- જીતેશ  શાહ

**દીકરી મારી**

દીકરી તારા વીનાની સુકી મારા સંસારની વાડી !
ફુલો વીના સુની પડી વાડી યાદ કરજે દીકરી મારી
ઉર્મી તણો કો છોડ ઊગ્યો પણ અન્નજળ થયા પુરા
સ્નેહના ખાતરથી ખીલવી હતી ફુલ સમી દીકરી મારી
લેખ હશે ત્યારે તારી ચાહે દીકરી દોડી આવજે
પંચ્મ સુરે પાપાની યાદમાં ગીતો ગાશે દીકરી મારી
મારે માથે હેતાળ હાથ ફેરવી પુછે ખબર મારી
કોઇ જુવે ના તેમ છાની ખબર લેશે દીકરી મારી
ઉછળતી કુદતી ને હસતી ગાતે ખોળે રમતી મારા
શાંત ઝરણાંની જેમ દુર વહેતી રહેશે દીકરી મારી
જીવનની ઉર્મિઓને ખોળે ભરી દીકરી સાસરે જશે
હૈયામાં જીવનભર એક ખાલિપો ભરી જશે દીકરી મારી
સુખ અને દુખની આવન-જાવન નશીબના ખેલ
ના અડકે એકેય દુઃખ તને સુખી રહેજે દીકરી મારી

**-નરેશ કે.ડૉડીયા**

**દીકરી ચાલી સાસરે**

ખેલતું કૂદતું ફળિયું લઇને, દીકરી ચાલી સાસરે
આંગણું ઘરનું સૂનું કરીને, દીકરી ચાલી સાસરે
બારી-બારણા ય રડતાં મૂકી,દીકરી ચાલી સાસરે
છોડી ગુંજતાં ઘરનો સાથ રે,દીકરી ચાલી સાસરે
સખીઓ સાથે જનેતા ભળી,શ્રાવણ વરસે નયન,
માને મેલી પિતાને સાથ રે,દીકરી ચાલી સાસરે
આંખો બની દરિયો આજ, દીકરી ચાલી સાસરે
બાપને મૂકી ભાઇને આશરે, દીકરી ચાલી સાસરે
'શ્યામ'ના આંસુ શેં સુકાય,દીકરી ચાલી સાસરે

-ઘનશ્યામ વઘાસીયા

**દીકરી વિદાય પછી**

દીકરી હું તને કરું આજ વિદાય,
મારી લાડલી ઘર છોડી ને જાય...

ફૂલોથી તારી રાહ સજાવી,
આંસુ થકી આંખ છલકાય,
સુખ્ નો સૂરજ આંગણ મલકાય,
દુઃખ કેરી છાયા દૂર દૂર જાય,
મારી લાડલી ઘર છોડી ને જાય...

બાળપણ તારું મારી સંગ વિતાવ્યું,
હરપળ એ ક્ષણ ને વિચારું,
આંસુ ને ખુશાલી તારા,હ્દયે મેં આજ ખંડારી,
તારા સ્મિતથી આખું ઘર મલકાય,
મારી લાડલી ઘર છોડી ને જાય...

તારા જનમની એ શુભ વધામણી,
હરપળ એ ક્ષણને સંભારું,
પિતા નહીં, એક સાચા મિત્ર બની,
તારા નજૂક હાથને થામ્યો,
તારા નાજુક પગલાની આહટ,
આજ હજુ એ આહટ સંભળાય.
મારી લાડલી ઘર છોડી ને જાય...

સૂરજ ઉગશે,તારા ઊગશે,
ચાંદની ચંદા સાથ ચમકશે,
તારી ચુડી ,તારા પાયલ,
સાસરીયાના આંગનમાં છનકશે,
સુનું સુનું આ ઘર મારું,
તારી યાદો હરપળ આવે,
તું નથી આ ઘરમાં તોયે,
તારી હાજરી હરક્ષણ વર્તાય,
મારી લાડલી ઘર છોડી ને જાય...

- વિશ્વદીપ બારડ

**વિદાયવેળા પિતાની દીકરી ને શીખ**

પતિનું ઘર અએ દુનિયા આજથી તારી બની જાશે
હવે કન્યા મટી તું અએક સન્નારી બની જાશે
પતિ સેવાને સાચો ધર્મ સમજીને અદા કરજે
કુટુબે પ્રેમ દર્શાવી બધા દિલમાં જગા કરજે
પરાયા ઘરને પોતાનું કરી શોભાવવાનું છે
દયાનું હેતનું ઝરણું તને વર્ષાવવાનું છે
સલામી લે અમારી યાદ હૈયે સંઘરીને જા
દુઆઓ આ કવિની તારા પાલવમાં ભરીને જા

-કુતૂબ આઝાદ

**આવ્યો અવસર આંગણિયે**

આવ્યો અવસર આનંદનો આંગણિયે આજ,
રુડાં ગીતો ગુંજ્યાં ફળિયે આજ;
હરખ હરખ હરખાતું કુટુંબ કબીલું આજ,
લીલાં તોરલીયા હરખાય બારણે.
હૈયું રુએ બાપનું, ભરી બારણાને બાથ,
છુટી રહ્યો સાથ સઘળો આજ.
માતા વળી લૂછે આંસુ પાલવ પકડી,
આત્મીય હતી તે વળાવી આજ.
સહેલી બધી વીટળાઇ રહી એકબીજાને સાથ,
સખી તો થઇ પરાઇ આજ.
સખી સહેલીઓ ગુંજે રે સંભરણા અતીતનાં,
ને સખી જાય પરાયાને ઉજાળવા.
'શ્યામ'વસમી આ વિદાયને ઉતારે શબ્દમાં,
ને દીકરી ચાલી સાસરે આજ.

- ઘનશ્યામ વઘાસીયા

**દીકરી વિદાય**

દીકરી  તારા સોભાગ્યનું સિંદુર આજ ઘોળી લાવ્યો છું,
વિધાતાએ જે લખ્યું હતું તે સરનામું શોધી લાવ્યો છું,
કાળજા કેરો કટકો તુ, વેગળી નથી કરી ક્યારેય ,
તારી ને મારી જુદાઇનું કોઇને વચન દઇને આવ્યો છું,
દીકરી  તારા માટે આજ પાનેતર લઈને આવ્યો છું,
સપના મારા જે હતા પાલવમાં બાંધી લાવ્યો છું,
પારકી અમાનત છે તુ બીજાની ક્યાં સુધી સંભાળુ,
ભારે હૈયે તારી કંકોત્રી હેતના તેડા લખવા લાગ્યો છું,
ઢીંગલી જેવી લાડલી માટે રણઝણ ઝાંઝર લાવ્યો છું,
હ્રદય મારૂં રડે છે પણ મુખ પર સ્મિત લાવ્યો છું,
પથ્થર જેવો બાપ પણ રડી પડે છે દીકરી  ની વિદાયથી,
આંગણું મારૂ સુનું થાશે હું વિવશ બની ઉભો છું,
સંસાર તારો સ્વર્ગ બને એજ આશિષ ગુંથી લાવ્યો છું,
દર્પણ છે તુજ મારૂ એવો અરીસો લાવ્યો છું,
પારકાને પોતિકા ગણી બન્ને કુળને શોભાવજે ,
લુછી નાંખ આંસુ દીકરી  ખુશીનો અવસર લાવ્યો છું,
ખુણે ખુણે સંભળાશે તારો નાદ , હરપળે આવશે અમોને તારી યાદ,
કોને પાડીશું હવે અમે સાદ, સાસરવાસને શોભાવજે એવી અમ આસ.
- અજ્ઞાત

**દીકરી વિદાય પછી**

આ ઓરડો, આ ઓસરી, આ ફળિયું, હવે
લાગે સાવ સૂનાં સૂનાં, દીકરી વિદાય પછી.
સદાય હસતી આંખમાં ઘટના બની નવી,
આંસુ વહ્યાં ઊના ઊના, દીકરી વિદાય પછી.
હંમેશા હેતથી બોલાવતી,ને પ્રેમથી પુકારતી,
એ અવાજ પડઘાય ઓરડે, દીકરી વિદાય પછી.
આ બારણું, આ મંડપ ઊભા સાવ સૂનાં,
લટકે છે તોરણ આંસુનાં, દીકરી વિદાય પછી.
આસોપાલવના તોરણ અને ઉદાસ આ હવા
વૃક્ષો ઊભા બધાં છાનામાના, દીકરી વિદાય પછી.
ઊડી ગયું પંખી, કલરવ કરતું આંગણેથી,
લ્યો,ઘૂઘવે છે દરિયા લૂના, દીકરી વિદાય પછી.
આ પાદર આખુંય હિબકાં ભરે ને
હૈયડાં વલોવાય,'શ્યામ'નાં, દીકરી વિદાય પછી.

-ઘનશ્યામ વઘાસીયા

**સમી સાંજનો ઢોલ ઢબૂકતો**

સમી સાંજનો ઢોલ ઢબૂકતો,
જાન ઉઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો
ઘરનું ફળિયું લઈને ચાલે

પાદર બેસી ફફડી ઉઠતી
ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી
બાળપણની વાત;

પૈંડું સીંચતા રસ્તો આખો
કોલાહલમાં ખૂંપે,
શૈશવથી ચીતરેલી શેરી
સૂનકારમાં ડૂબે,

જાન વળાવી, પાછો વળતો
દીવડો થરથર કંપે’
ખડકી પાસે ઉભો રહીને
અજવાળને ઝંખે.

સમી સાંજનો ઢોલ ઢબૂકતો,
જાન ઉઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો
ઘરનું ફળિયુ લઈને ચાલે.

-અનિલ જોશી

**લેખ તારા લઇ ગયા રે લોલ**

આંગણે આસોપાલવનાં ઝાડ, કે બગલાં બેસી ગયાં રે લોલ
બગલાં ઊડી ગ્યાં પરદેહ, કે પગલાં પડી રીઆં એ લોલ.

દાદા મારા, એક જોયો પરદેહ, કે દીકરી દઈ દીધાં રે લોલ.
ઘેડી મારી, હ્વે નો કરીએ વશાર્ય, કે લેખ તારા લઈ ગયા રે લોલ.

આંગણે આસોપાલવનાં ઝાડ, કે બગલાં બેસી ગયાં રે લોલ.
બગલાં ઊડી ગ્યાં પરદેહ, કે પગલાં પડી રીઆં રે લોલ.

કાકા મારા, એક જોયો પરદેહ, કે દીકરી દઈ દીધાં રે લોલ.
ભતરીજ, હ્વે નો કરીએ વશાર્ય, કે લેખ તારા લઈ ગયા રે લોલ.

આંગણે આસોપાલવનાં ઝાડ, કે બગલાં બેસી ગયાં રે લોલ.
બગલાં ઊડી ગ્યાં પરદેહ, કે પગલાં પડી રીઆં રે લોલ.

-લોકગીત

**કન્યાવિદાય**

લીલુડાં પાંદડાંની ઊછળતી વેલ
હવે કંકુનાં પગલાં દઈ ચાલી
રાખડીના તાંતણે બાંધેલું ફળીયું
હવે લાગે છે સાવ ખાલી ખાલી.

દીકરીનો માંડવો જો સૂરજને ઘેર હોત
તો જાણત અંધારું શું ચીજ છે
ફળના આંબામાં જે પાંદડાં ઝૂલે
એની ભીતર કઈ મમતાનું બીજ છે?

ધીમા પગલાથી ઉંબરો ઓળગંતી
આસુંની આંગળીને ઝાલી

લીલુડાં પાદડાંની ઊછળતી વેલ
હવે કંકુનાં પગલા દઈ ચાલી..

દીકરી વળાવતાં એવો રિવાજ
કે તળાવ સુધી તો હાર્યે જાવું
ઉઘલતી જાન ટાણે આખ્યું તો દરિયો!
કહે તળાવ સુધી વળાવા આવું?

જાગરણની રાતે તું રમતી જે રાસ
એની ખોવાઈ ગઈ છે ક્યાંક તાલી

લીલુડાં પાદડાંની ઊછળતી વેલ
હવે કંકુનાં પગલા દઈ ચાલી..

-અનિલ જોશી

**દીકરી ઘરથી નીકળી**

ભરીલેવાદે ઓખમો નકશા એના રોજ બરોજના
મારો આ ટહુકો હ્દયનો જાયછે જુદો થવા
ગઈ લઉં હેતનો ગાણો છે અવસર પૂરો થવા
વળાવી લઉં આયખાનું નજરાણું તે સુખી જોવા
ઉછરી મારા ઓગણે જિંદગી લીલી સમ કરી ને
ઉજાળવા વન્સ બાપનો દીકરી ઘર થી નીકળી
પંડ નું પારેવું ,જીગરથી જડેલું રે હવે છૂટી જવા
સહી લઉં ડંખ, હદયના,હમેશો તેને હસતી જોવા
અનમોલ રતન બાપનું હદય તિજોરી ખાલી થવા
ઘોડિયાઘરથી નીકળી દીકરી જાય ભવ ઉજાળવા
ઘર થી નીકળી દીકરી હદયથી નીકળી જ નથી
ઉડે તે પહેલો ચૂમી લઉં રે દીકરી પરદેશી પંખી

- પ્રહ્લાદ પ્રજાપતિ

**દીકરી છે શોભા સંસારની રે લોલ**

(ઢાળ : વહુએ વગોવ્યાં મોટા ખોરડા રે લોલ.....)
દીકરી છે શોભા સંસારની રે લોલ,
ઘરની શોભા છે, એની શાન રે,
દેવી દીધી છે મને દીકરી રે લોલ
ઘરમાં જો એક હશે દીકરી રે લોલ,
સંસ્કારો ઘરના જળવાય રે..... દેવે
ચાંદો સૂરજ એની આંખમાં રે લોલ,
નજરોમાં ઉજળો અજવાસ રે..... દેવે
ફૂલથી લચેલી જાણે વેલડી રે લોલ,
તોય આખા ઘરનો વહેવાર રે..... દેવે
દીકરો દીકરીની સમાનતા રે લોલ,
સૃષ્ટિનો મોટો આધાર રે..... દેવે.
ભૃણહત્યા ભયંકર ક્રૂરતા રે લોલ,
કરશો નહીં, થાવા દેશો પાપ રે...દેવે

**દીકરી ...**

જરા વિચાર દીકરી તું શું કરે છે?
નાના નાના ખાડા ખોદી પોતાની કબર તૈયાર કરે છે .
શા માટે તું એવા પોષક પહેરે છે ,
જેનાથી જગત ના લોકો તમારી પર બુરી નજર કરે છે .
કામ વિના તું અજાણ્યા લોકોને બોલાવ્યા કરે છે .
જેના કારણે લોકો તમારી પર વહેમ કરે છે .
        જરા વિચાર દીકરી ……………………………..
શાળા કોલેજ માં જયારે તું ભણવા જાય છે ,
જીવન આપનાર તમારા માતા પિતા ના હૈયા હરખાય છે .
વિદ્યા ના મંદિર માં તું શરમ જનક કામ કરે છે ,
માતા પિતા ની ઈજ્જત ત્યારે બજાર માં વેચાય છે .
        જરા વિચાર દીકરી ……………………………….
જયારે તું ભારતીય નારી બનવાની વાત કરે છે
ત્યારે સંસાર રૂપી જીવન માં તમારી ગણતરી કરાય છે ,
સારા ભવિષ્ય માટે તું ધ્યેય કરે છે ,
કલ્પના અને સુનીતા ની જેમ તમને યાદ કર છે .
જરા વિચાર દીકરી આ તું શું કરે છે ?
નાના નાના ખાડા ખોદી પોતાની કબર તૈયાર કરે છે .

- સુરેશ કે . પાટડિયા

**દીકરી તો દયાની મૂર્તિ**

દીકરી તો દયાની મૂર્તિ કહેવાય,
જેને હોય દીકરી એ તો ભાગ્યશાળી કહેવાય !.....(ટેક)

દીકરી, પિતા ઘરે રહી,પિતાની સેવા માટે આતુર રહે,
દીકરી,પ્રેમ ઉભરાવી,પિતાની ચિંતાઓ દુર કરે,
અરે,દીકરી તો પિતાના હૈયે વસે !
ખરેખર,દીકરી તો છે બાપનું હૈયું રે !......દીકરી તો દયાની.....(૧)

દીકરી પરણે ત્યારે કન્યાદાન સમયે પિતા રડે,
જાણી, પોતાનું જ હૈયું હશે દુર, એ તો રૂદન કરે,
અરે,દીકરી તો પિતાના હૈયે વસે !
ખરેખર,દીકરી તો છે બાપનું હૈયું રે !......દીકરી તો દયાની.....(૨)

પિતા ઘર છોડી,દીકરી તો પતિ ઘર જાય જો,
મા-બાપના સંસ્કારો બળે,જીવન એનું વહેતું જાય જો,
અરે,દીકરી તો પિતાના હૈયે વસે !
ખરેખર,દીકરી તો છે બાપનું હૈયું રે !....દીકરી તો દયાની....(૩)

માતા હરિદ્વાર, પિતા પ્રયાગ, દીકરી નજરે,
અને,પતિ બને ગંગાસાગર,દીકરી નજરે,
અરે,દીકરી તો ગંગા-સ્વરૂપે, પિતા-હૈયે વસે !
ખરેખર,દીકરી તો છે બાપનું હૈયું રે !......દીકરી તો દયાની....(૪)

અંતે,ચંદ્ર કહે....
મુરારીબાપુ મુખે"દીકરી દેવો ભવ !"ના શબ્દો વહે,
દીકરીના પિતા સ્વરૂપે એવા મોરારી વંદન રહે,
અરે,ચાર દીકરીના આ પિતા દીકરીઓને હૈયે ભરે,
"ખરેખર,ખુબ જ ભાગ્યશાળી હું"ના ચંદ્રશબ્દો ગગને ગુંજે !.....દીકરી તો દયાની.....(૫)

- ડો. ચંદ્રવદન મિસ્ત્રી.

**દીકરી ટાણે**

દીકરો જન્મે ત્યારે ઘરમાં જે આનંદ છવાય રે
દીકરી ટાણે એ જ આનંદ શાને ના વરતાય રે
શાને ના વરતાય રે

દીકરો પામી માત પિતાના હૈડે હરખ ના માય રે
દીકરીનું મ્હોં જોઈ સહુના ચહેરા શીદ કરમાય રે
ચહેરા શીદ કરમાય રે

દીકરો જન્મે ત્યારે ઘરમાં જે આનંદ છવાય રે

ઘડનારે શાને મુને દીકરી બનાવી રે
માવતરના જીવતરનો ભાર થઈને આવી રે

સમ દે છે દીકરી આ તારી
સાચું તું કહેજે માડી મારી
મા.... મારું ઘર ક્યાં છે ?
મા.... મારું ઘર ક્યાં છે ?

કુળ કેરો દીવડો છે વીરો લાડકવાયો રે
સહુને વ્હાલો લાગે મારી માડીનો જાયો રે
દયા ખાશે કહેશે પોકારી
આ તો છે અબળા બિચારી

સમ દે છે દીકરી આ તારી
સાચું તું કહેજે માડી મારી
મા.... મારું ઘર ક્યાં છે ?
મા.... મારું ઘર ક્યાં છે ?

દીકરાના જેવો દીકરીને મોભો આ.....પો રે
દીકરીને દીકરા કરતાં કદી ક્યાંય ઓછી ન આંકો રે

સમ દે છે દીકરી આ તારી
સાચું તું કહેજે માડી મારી
મા.... મારું ઘર ક્યાં છે ?
મા.... મારું ઘર ક્યાં છે ?

વરસો વરસથી આ વાત કેમે ના સમજાય રે
શા માટે કહે છે દીકરી ને ગાય દોરે ત્યાં જાય રે
સમજે છે લોકો શું અમને
રોકો હવે આ રસમને

સમ દે છે દીકરી આ તારી
સાચું તું કહેજે માડી મારી
મા.... મારું ઘર ક્યાં છે ?
મા.... મારું ઘર ક્યાં છે ?

શક્તિ છે નારી દેવું છે મારે બતાવી રે
આ જગતમાં નારીને કોઈ નહિ શકે સતાવી રે

સમ દે છે દીકરી આ તારી
સાચું તું કહેજે માડી મારી
મા.... મારું ઘર ક્યાં છે ?
મા.... મારું ઘર ક્યાં છે ?

હવે આ સદીમાં નારી જ સઘળે પૂજાશે રે
વિધ વિધ રૂપો નારીના છે જે કણકણમાં દેખાશે રે
નરથી સવાઈ છે નારી
માનો બધા વાત મારી

સમ દે છે દીકરી આ તારી
સાચું તું કહેજે માડી મારી
મા.... મારું ઘર ક્યાં છે ?
મા.... મારું ઘર ક્યાં છે ?

- **ભરત આચાર્ય**

**દીકરી સૌની લાડકવાયી**

નાની નાની વ્હાલી દીકરી
ફુલનો મહેંકતો બગીચો દીકરી

સુંદર ચહેરો નાજુક-ભોળી
બાળપણથી જ હોય નખરાળી

મટકી-મટકી નાચ બતાવતી
જીભ પર તો જાણે કોયલ બેસતી

બધા બાળકોમાં વ્હાલી દીકરી
બધાં પ્રત્યે હેત રાખતી દીકરી

પપ્પાનો તો જીવ છે દીકરી
માનો એક હાથ છે દીકરી

ઘરમાં સદા રોનક રાખતી દીકરી
સાસરે જતાં રડાવતી દીકરી

## પાનેતર

દીકરી તારું પાનેતર, હું આજ ખરીદી લાવ્યો છું;
તારી મારી જુદાઈનું બીજ વાવીને લાવ્યો છું.

તારા ચાળા ને લવારા, બધું થયું છે જીવતું;
સ્મરણોની એ સરિતામાં હું મન મુકીને નાહ્યો છું.

તારી ઢીંગલીના લગનમાં, ખૂબ મ્હાલ્યો 'તો બેટા;
મારી ઢીંગલીના લગનમાં, ઢીલો થઈને આવ્યો છું.

પાંચીકાને સંતાકૂકડી, તું કેવી મજાનું રમતી'તી;
તારા માટે જવાબદારીઓનો ભારો લઈને આવ્યો છું.

નાનાં-નાનાં પગલાં ભરીને, કેવું મને તું વળગતી;
તુજને અળગી કરવાને હું વિવશ બનીને આવ્યો છું.

-વીરેન્દ્રકુમાર ભટ્ટ

## દીકરીની પૂકાર

દીકરી થઈ, જન્મ લેવો છે ભારતમાં મારે,
જન્મ દેવા કોણ તૈયાર છે આજે ?   (ટેક )

પુરાણી વૃત્તિના લોકો કહે છે, દીકરો મુજ જીવન-સહારો,
અને, ગણે છે દીકરીને બોજારૂપી ભારો,
બદલશે કોણ વૃત્તિ એમની ?
જે થકી, ઇચ્છા પુરી થાય મારી !......દીકરી.....(૧)

હશે માનવ-વિચારો જુદા, આ ટેકનોલોજીના યુગમાં,
કિન્તુ, મળી નિરાશા, હવે તો મારે છે મુજને જન્મ પહેલા,
બદલશે કોણ વૃત્તિ એમની ?
જે થકી, ઇચ્છા પુરી થાય મારી !......દીકરી.....(૨)

પ્રભુ-ઇચ્છા થકી બનું છું દીકરી આ જગતમાં,
દેજો પ્રેમભર્યો આવકારો પ્રભુ-બાળને આ જગતમાં,
બદલશે કોણ વૃત્તિ એમની ?
જે થકી, ઇચ્છા પુરી થાય મારી !.........દીકરી.....(3)

દીકરા સમાન છે દીકરી તો આ જગતમાં,
માતા, બેન કે પત્ની સ્વરૂપે હશે એ દીકરી આ સંસારમાં,
સમજ આવી ક્યારે હશે માનવ-હૈયામાં ?
ત્યારે.....ચંદ્ર કહે, હશે પરિવર્તન એવું માનવ-જીવનમાં
નિહાળી એવું, હશે ચંદ્ર-હૈયે ખુશી પ્રભુ-સ્મરણમાં !.....દીકરી.....(૪)

**- ચંદ્રવદન મિસ્ત્રી**

**દીકરી એટલે દીકરી**

નિર્જીવ કાંકરા ને,

દીકરી ના નાનકડા હાથ નો,

સ્પર્શ થતાં જ ...

બની જાય ...

જીવંત પાંચીકા.

- નીલમ દોશી.

**દીકરી**

કોણ ફેરે હાથ માથે, કોણ બોલે દીકરી
ભાઈ ની હું બેનડી પણ ધાર રૂએ દીકરી

કોણ જોશે વાટડી કે દીકરી મુજ આવશે
કોણ આવે જાય ઉંબર હાશ આવે દીકરી

કોણ છાતીયે લગાવે ને રડાવે દીકરી
કોણ લાવે થાળ મોતીનાં હસાવે દીકરી

કોણ હૈયાથી દુઆ માંગે ને માંગે જિંદગી
શીશ ઝૂકાવી ને આશીર્વાદ માંગે દીકરી

આપની “સપના’ કહો કે ‘બાનિયો’ પપ્પા હવે
લો કબર પર એ દુઆ માંગે ને માંગે દીકરી

(અહીં બાનિયોનો કોંઇ અર્થ નથી પપ્પા એ નામથી મને બોલાવતાં)

ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા

- સપના વિજાપુરા

દીકરી દેજો

દીકરી દેજો પ્રેમથી,જે દે સૌને સન્માન
વાણી વર્તન સ્નેહથી કુળને,કરી જાય બલવાન
............દીકરી દેજો પ્રેમથી.
સંસ્કાર મળેલા સાચવી,કુટુંબમાં ભળી જાય
આંગણે આવેલ વડીલ પણ,વર્તનથી ઓળખી જાય
માન અને સન્માન મુકી,લાજ રાખી ભળી જાય
ભક્તિ,પ્રેમ ને સંગે રાખી,પ્રેમથી સેવા કરી જાય
............દીકરી દેજો પ્રેમથી.
કદીક નીકળેલ કડવુ વચન,કોઇનું જીવન વેડફી જાય
ડગલે ડગલુ સાચવી જીવતાં,આ જન્મ સફળ થઈ જાય
પતિ પ્રેમની અપેક્ષાએ,કદીય માબાપને ના ભુલાય
જન્મ સફળની સીડી મળતાં,જીવન આ ઉજ્વળ થાય
............દીકરી દેજો પ્રેમથી.
આશાઓ રાખતાં દુર,જીવનમાં અપેક્ષા ભાગી જાય
આશીર્વાદ મનથી મળતાં એક,જીવન આ સાર્થક થાય
ભાઇભાંડુનો સહવાસ રહે,ત્યાં સંતાન પણ હરખાય
મળીજાય સૌનો સાથ જીવનમાં,ત્યાં દેખાવ ભાગી જાય
............દીકરી દેજો પ્રેમથી.

- પ્રદીપ બ્રહ્મભટ્ટ